પત્રક્રમાંકઃ- પરચ/૧૦૨૦૧૦/૮૮૭/ગ
ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
બ્લોક નં.૫/૯ મો માળ
સરદાર પટેલ ભવન, સચિવાલય
ગાંધીનગર- ૩૮૨૦૧૦
તારીખઃ- ૩૧/૦૮/૨૦૧૦

સत्यमेव जयते

પ્રતિ
શ્રી પી.એચ.સર્વાકર
મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષયઃ- ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની ફીકસ પગારથી મંજુર થયેલ જગ્યાઓ આઉટસોર્સ/કરાર આધારિત ભરવા બાબત.

શ્રીમાન

ઉપર્યુકત વિષયના આપના તા.૧૮-૦૮-૨૦૧૦ ના પત્રક્રમાંકઃ ગુસકાવિનિ/વ/૧૦-૧૧/૨૩૮૭૧ થી નિગમ દ્વારા ફિકસ પગારથી મંજૂર થયેલ જગ્યાઓ ઉપર જે કર્મચારીઓને ૧૧ માસ માટે કરાર આધારીત નિમણૂંક આપવામાં આવેલ છે તેની મુદત વધારવા માટેની મંજૂરી અથવા યોગ્ય તે આદેશ આપવા માટે વિનંતી કરવામાં આવેલ છે.

આ વિનંતીના અનુસંધાને આપને નીચે મુજબ આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

(૧) સરકારશ્રીએ તા.૯/૧૨/૨૦૦૦ ના ઠરાવથી સ્પષ્ટ રીતે મહેકમ મંજૂર કરેલ છે. આ મહેકમ ઉપર નિગમે ઠરાવમાં સૂચવ્યા મુજબ ફીકસ પગારથી આઉટ સોર્સીગની કાર્યપધ્ધતિ અનુસરીને કરારના ધોરણે નિમણૂંક આપી છે, કે જેથી ભવિષ્યમાં નિગમની કે સરકારની કોઇ જવાબદારી ઉભી થાય નહિં ઉપરાંત નાણા વિભાગનો તા.૧૬/૨/૨૦૦૬ નો ઠરાવ આ કેસમાં

લાગુ પડતો નથી, ત્યારે નિગમની કામગીરી માટે જે મહેકમ મંજૂર થયેલ છે, અને તેના ઉપર જે નિમણૂકો આપવામાં આવેલ છે. તેના પ્રથમ તબકકે કરારની મુદત (૧૧ માસ) પૂરી થયા બાદ ફરીથી લંબાવવા માટે <u>નિગમ પોતે નિર્ણય લેવા માટે સક્ષમ છે.</u>

૨) ઉપર (૧) માં વિગતે જણાવ્યા મુજબ સરકારશ્રીએ નિગમ માટે જગ્યાઓ મંજૂર કરેલ છે, તે ઠરાવમાં જણાવ્યા મુજબ જ નિગમે કરાર આધારીત અને ફીકસ પગારથી જગ્યાઓ ભરેલ છે, (કે જેના લીધે નિગમની કે સરકારની આ નિમણૂંકોના લીધે ભવિષ્યમાં નાણાકીય જવાબદારી ઉભી થાય તેમ નથી) તથા નાણા વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ નો ઠરાવ આ કેસમાં લાગુ પડતો નથી, આ બધી વિગતો લક્ષમાં લેતાં જે હેતુથી આ જગ્યાઓ સરકારશ્રીએ મંજૂર કરી છે તેની જયાં સુધી જરૂરિયાત હોય ત્યાં સુધી નિગમ પોતે આ નિમણૂંકો ચાલુ રાખવા માટે પોતાની કક્ષાએથી નિર્ણય લેવા માટે સક્ષમ છે.

(3) આ અંગે વધુમાં જણાવવાનું કે પ્રત્યેક વર્ષે જયારે આ કરાર આધારીત જગ્યાઓનો કરાર રીન્યુ કરવાનો કે પુનઃ નિમણૂંક આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે નિગમની કામગીરીની સમીક્ષા કરીને જેટલી જરૂરિયાત હોય તેટલી જગ્યાઓ ઉપર પુનઃ નિમણૂંક કરવા અથવા કરાર રીન્યુ કરવાની કાર્યવાહી કરવાનું રાખશો, જેથી નિગમ/સરકારશ્રીનું નાણાકીય હિત પણ જળવાઇ રહે.

આપનો વિશ્વાસુ,

( શામજીભાઇ પટેલ )
સંયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ